Friday
09.01.2026
*Volume :10 * Issue No.182
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
# કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily
વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૧૧મી જાન્યુઆરીએ 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં થશે સામેલ, તેમના નેતૃત્વમાં આદિ જ્યોતિર્લિંગ સોમનાથનો 'સુવર્ણ યુગ' આવ્યો

## સોમનાથની ગાથા વર્ણવતા લાઇટ એન્ડ સાઉન્ડ શોએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦ લાખથી વધુ મુલાકાતીઓને આકર્ષ્યા





કમલમ્, ગાંધીનગર,

'સૌરાષ્ટ્રે સોમનાથં ચ, શ્રી શૈલે મલ્લિકાર્જુનમ, ઉજ્જયિન્યાં મહાકાલમ કારેમ અમલેશ્વરમ.' દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્રમની આ પંક્તિ દર્શાવે છે કે, ભારતના ૧૨ પવિત્ર જ્યોતિર્લિંગોનું વર્ણન થાય ત્યારે સૌથી પહેલાં સોમનાથનો ઉલ્લેખ આવે છે. આ ભારતની સંસ્કૃતિમાં સોમનાથનું અગ્રસ્થાન તથા તેના અવિનાશી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્વને દર્શાવે છે. છેલ્લા બે દાયકામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સોમનાથ મંદિર "સુવર્ણ યુગ"માં પ્રવેશ્યું છે. તેઓ શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ બન્યા ત્યારથી સોમનાથના વિકાસમાં એક નવો અધ્યાય શરૂ થયો છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૬માં મહમૂદ ગઝનવી દ્વારા સોમનાથ પર ૧૦૨૬માં કરવામાં આવેલા પ્રથમ આક્રમણના હજાર વર્ષ પૂર્ણ થશે. આજે એક હજાર વર્ષ પછી પણ સોમનાથ મંદિર પૂરા ગૌરવ સાથે અડીખમ ઊભું છે. સંયોગવશાત્, ૨૦૨૬માં જ સોમનાથ મંદિરના પુનર્નિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના છે. ૧૧ મે ૧૯૫૧ના રોજ આ ભવ્ય મંદિરનું પુનર્નિર્માણ સંપન્ન થયું હતું અને ફરી ભકતો માટે ખુલ્યું હતું. આ સીમાચિહ્નરૂપ ઘટનાને વધુ વિશેષ બનાવતા વડાપ્રધાનશ્રી ૧૧ જાન્યુઆરીએ સોમનાથની મુલાકાત લેશે અને 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં હાજરી આપશે.

**સોમનાથઃ ભક્તિ અને ભવ્યતાનો સંગમ**

શિખર પર ૧,૬૬૬ સુવર્ણ કળશ અને ૧૪,૨૦૦ ધજાઓ સાથે સોમનાથ મંદિર ત્રણ પેઢીઓની અડગ શ્રદ્ધા, દ્રઢતા અને કલાત્મકતાના પ્રતિબિંબ તરીકે ઊભું છે. દર વર્ષે લાખો લોકો આ જ્યોતિર્લિંગના દર્શન માટે આવે છે. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ સુધી વાર્ષિક અંદાજે ૯૭ લાખ શ્રદ્ધાળુઓ સોમનાથના દર્શન માટે આવ્યા છે. બિલ્વ પૂજા માટે છેલ્લા ૨ વર્ષમાં શ્રદ્ધાળુઓની સંખ્યા ૧૩.૭૭ લાખ નોંધાઈ હતી, જેમાં મહા શિવરાત્રિ ૨૦૨૫ દરમિયાન ૩.૫૬ લાખ શ્રદ્ધાળુઓ આવ્યા હતા. આજે ઓનલાઈન બુકિંગ અને પોસ્ટલ પ્રસાદની સુવિધા એ સુનિશ્ચિત કરે છે કે સોમનાથની પવિત્રતા મંદિરની સીમાઓને પાર કરી તમામ ભક્તો સુધી પહોંચે.

**આસ્થા સાથે ઉત્સવનું કેન્દ્ર છે સોમનાથ યાત્રાધામ**

સોમનાથ મંદિરમાં શ્રદ્ધાળુઓ માટે લાઈટ એન્ડ સાઉન્ડ શૉ અને ઉત્સવોનું આકર્ષણ પણ રહ્યું છે. છેલ્લા ૩ વર્ષમાં ૧૦ લાખથી વધુ લોકોએ સોમનાથની ગાથા વર્ણવતો લાઈટ એન્ડ સાઉન્ડ શૉ નિહાળ્યો છે. સોમનાથના આંગણે ઉજવાતા ઉત્સવની વાત કરીએ તો, ગત વર્ષે વંદે સોમનાથ કલા મહોત્સવમાં ૧,૫૦૦ વર્ષ જૂની નૃત્ય પરંપરાઓ પુનર્જીવિત થઈ હતી, જે દર્શાવે છે કે, સોમનાથ માત્ર આસ્થાનું કેન્દ્ર નથી, તે સાંસ્કૃતિક વારસાને પણ ઉજાગર કરે છે.

**આધુનિક પરિવહન સેવાઓ અને વૈશ્વિક કનેક્ટિવિટી**

સોમનાથની યાત્રા ભકતો માટે વધુ સરળ અને આરામદાયક બને તે હેતુથી કનેક્ટિવિટીમાં મહત્વપૂર્ણ સુધારાઓ કરવામાં આવ્યા છે. ?૮૨૮ કરોડના પ્રોજેક્ટ- જેતપુર–સોમનાથ ફોર લેન હાઈવેના કારણે યાત્રિકોને એક્સપ્રેસવેની સુવિધા મળી છે. સાબરમતી–વેરાવળ વંદે ભારત એક્સપ્રેસના કારણે અમદાવાદથી સોમનાથની યાત્રા હવે વધુ ઝડપી અને સુલભ બની છે. આ ઉપરાંત, વર્ષ ૨૦૨૨માં ફરી શરૂ કરવામાં આવેલ કેશોદ ઍરપોર્ટ અને ૨૦૨૩માં રાજકોટ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટના ઉદ્ઘાટન બાદ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે સોમનાથ પહોંચવું સુલભ બન્યું છે.

**નેટ-ઝીરો મંદિર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે સોમનાથ**

વર્ષ ૨૦૧૮માં 'સ્વચ્છ આઈકોનિક પ્લેસ' તરીકે માન્યતા પ્રાપ્ત કરનાર સોમનાથ આજે ટકાઉ વિકાસ અને નવીનતાનું ઉત્તમ ઉદાહરણ બન્યું છે. વેસ્ટ સેગ્રિગેશન કેન્દ્રોમાં હવે મંદિરના ફૂલોને વર્મીકમ્પોસ્ટમાં રૂપાંતરિત કરીને તેનો ઉપયોગ ૧,૭૦૦ બિલ્વ વૃક્ષોના સંવર્ધનમાં થાય છે. મિશન LiFE પહેલ હેઠળ પ્લાસ્ટિક કચરામાંથી દર મહિને પેવર બ્લોક્સ તૈયાર કરવામાં આવે છે. અહીં દર મહિને લગભગ ૪,૭૦૦ પ્લાસ્ટિક-ફ્લાય એશ બ્લોક્સનું ઉત્પાદન કરવામાં આવશે, જે સ્થાનિક મહિલા સ્વ-સહાય જૂથો માટે આવક ઉત્પન્ન કરશે અને વાર્ષિક ૧૨૫ ટન પ્લાસ્ટિક રિસાઈકલ કરશે. ૬૨ લાખના ખર્ચે પુનઃસ્થાપિત કરવામાં આવેલ છ વરસાદી પાણી સંગ્રહના કુવાઓ અને એક જળાશય દર મહિને લગભગ ૩૦ લાખ લિટર ગટરના પાણીને શુદ્ધ કરે છે, જેનો ઉપયોગ વનીકરણ માટે થાય છે.

જ્યારે ૨૦૧૯-૨૦માં ૧૬૦ લાખના રોકાણ સાથે આઠ ગટર શુદ્ધિકરણ પ્લાન્ટે કૃષિ અને લેન્ડસ્કેપ સિંચાઈ માટે ૨૦.૫૩ કરોડ લિટર પાણી ફિલ્ટર કર્યું છે. ૭૨,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં વિકસિત ૭,૨૦૦ વૃક્ષો ધરાવતું મિયાવાકી વન દરિયાઈ અને ખારા પવનો સામે રક્ષણ આપે છે. IIT કાનપુરના અભ્યાસ મુજબ, આ વન બે વર્ષ બાદ વાર્ષિક ૯૩,૦૦૦ કિલોગ્રામ કાર્બન ડાયોક્સાઈડ શોષી શકશે. એટલું જ નહીં, ટ્રસ્ટ દ્વારા સેવાભાવે અભિષેક માટેનું પવિત્ર પાણી નવ સ્તરીય શુદ્ધિકરણ પ્લાન્ટ દ્વારા શુદ્ધ કરીને 'સોમગંગાજલ' તરીકે ૧ પમાં વિતરિત કરવામાં આવે છે. ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૧.૧૩ લાખથી વધુ પરિવારોને તેનો લાભ મળ્યો છે. આ તમામ પ્રયાસો દ્વારા સોમનાથ નેટ-ઝીરો મંદિર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

**ભારતીયો દ્વારા સૌથી વધુ સર્ચ કરાયેલા ટોચના ૧૦ સ્થાનોમાં સોમનાથ સામેલ**

ગૂગલ પર ભારતીયો દ્વારા સૌથી વધુ સર્ચ કરાયેલા ટોચના ૧૦ સ્થાનોમાં સોમનાથનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૨૦૨૫માં સોમનાથની સોશ્યલ મીડિયા ઈમ્પ્રેશન ૧.૩૭ અબજને વટાવી ગઈ છે, જે વિશ્વભરના ભકતોમાં સોમનાથ પ્રત્યેની શ્રદ્ધા અને આધ્યાત્મિક મહત્વને દર્શાવે છે. ભારતની આસ્થા અને સ્વાભિમાનનું પ્રતીક સમું સોમનાથ મંદિર વિકસિત ભારતના નિર્માણ માટે પણ આગળ વધવાની પ્રેરણા આપે છે. વડાપ્રધાનશ્રીએ આ બાબત પર ભાર મૂકતાં લખ્યું હતું કે, "જો હજાર વર્ષ પહેલાં ખંડિત થયેલું સોમનાથ મંદિર સંપૂર્ણ વૈભવ સાથે ફરીથી ઊભું થઈ શકે છે, તો આપણે હજાર વર્ષ પહેલાંનું સમૃદ્ધ ભારત પણ બનાવી શકીએ છીએ."

# ભવ્ય સોમનાથ મંદિર આપણી અતૂટ શ્રદ્ધા-આસ્થા અને સામૂહિક શકિતનું પ્રતીક છે: મુખ્યમંત્રીશ્રી

## આપણી વિરાસત અને અસ્મિતાના ગૌરવને સામૂહિક ઓમકારનાદથી વધુ ઉજાગર કરવા મુખ્યમંત્રીશ્રીનો અનુરોધ



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સોમનાથ સ્વાભિમાન પર્વ અન્વયે ૭૨ કલાકના સામૂહિક ઓમકાર નાદનો પ્રારંભ ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવના પુરાણ પ્રસિદ્ધ મંદિરથી કરાવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આ સોમનાથ સ્વાભિમાન પર્વની ત્રિ-દિવસિય ઉજવણીની ગુરૂવારથી શરૂઆત થઈ છે. આજથી એક હજાર વર્ષ પહેલા ૧૦૨૬ માં સોમનાથ મંદિર પર થયેલા હુમલા સામે અતૂટ શ્રદ્ધા અને આસ્થા તથા સામૂહિક શક્તિના સંકલ્પથી આજે સોમનાથ મંદિર ભવ્યતા અને દિવ્યતાના પ્રતિક રૂપે અડીખમ ઊભું છે. આ શૌર્યતા અને કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનો ગૌરવ મહિમા સોમનાથ સ્વાભિમાન પર્વથી વડાપ્રધાનશ્રીના પ્રેરણા માર્ગદર્શનમાં થઈ રહ્યો છે. આ પર્વમાં ઓમકાર નાદની ઊર્જા સામૂહિક ઓમકાર નાદથી જોડવા મંદિરોમાં ૭૨ કલાક ઓમકાર નાદના ગુંજારવથી ભકિતમય વાતાવરણનું નિર્માણ થવાનું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ ઓમકાર નાદમાં ગાંધીનગરમાં ધોળેશ્વર મહાદેવ મંદીરથી શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા. તેમણે આ સામુહિક ઓમકાર નાદમાં સહભાગી થવાનો સૌને અનુરોધ કરતા કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણી વિરાસત અને અસ્મિતાના ગૌરવને વધુ ઉજાગર કરવાની તક આપણને સૌને મળી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે લોકોને મંદિરો - દેવાલયોમાં થતાં સામુહિક ઓમકાર નાદ અથવા તો પોતાના ઘરે પણ સમય મળે ત્યારે ઓમકાર મંત્ર સ્મરણ કરીને સોમનાથ સ્વાભિમાન પર્વમાં જોડાવા અપીલ કરીહતી. મુખ્યમંત્રીશ્રીએ ઓમકાર નાદની શરૂઆત પૂર્વે ધોળેશ્વર મંદિરમાં ભક્તિ ભાવપૂર્વક દર્શન-અર્ચન કર્યા હતા.

ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાંબહેન પટેલ, ધારાસભ્યો શ્રીમતી રીટાબેન પટેલ અને શ્રી અલ્પેશભાઈ તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ગૌરાંગભાઈ, શહેર પ્રમુખશ્રી આશિષભાઈ દવે, જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે, પદાધિકારીઓ તેમજ શ્રદ્ધાળુ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ બહેનો દ્વારા થઈ રહેલા ભજન-કિર્તનનું પણ શ્રવણ કર્યું હતું. ધોળેશ્વર મહાદેવના મહંતશ્રીએ મુખ્યમંત્રીશ્રીનું શાલ અર્પણ કરીને અભિવાદન કર્યું હતું.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગરને ડોનેશન રૂપે મળેલી કેન્સર સ્ક્રિનિંગ વાનનું ગાંધીનગરમાં લોકાર્પણ કર્યું

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હેલ્થ એન્ડ વેલનેસ ફોર ઓલના ધ્યેયને વધુ ગતિ મળશે



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કેન્સરની વહેલી પ્રાથમિક તપાસ માટે મહત્વપૂર્ણ એવી કેન્સર સ્ક્રિનિંગ વાન - આશા વાનનું ગાંધીનગરમાં લોકાર્પણ કર્યું હતું. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ભાવનગર બ્રાન્ચને જેનબર્ક ફાર્માસ્યુટિકલ દ્વારા ડોનેશન તરીકે આ આશા વાન ભેટ આપવામાં આવી છે. આ વાન EVA-Pro ડાયગ્નોસ્ટિક્સ ,મેમોગ્રાફી યુનિટ અને નિષ્ણાંત ટેલી કન્સલટેશનથી સજ્જ છે. એટલું જ નહીં, ખાસ કરીને લંગ કેન્સર, ઓરલ કેન્સર, બ્લડ કેન્સર, સર્વાઈકલ કેન્સર, પેક્રિયાટિક કેન્સર તેમજ લીવર કેન્સર, બ્રેસ્ટ એન્ડ પ્રોસ્ટેટ કેન્સર જેવા રોગોના નિદાન માટેનું સ્ક્રિનિંગ અલ્ટ્રા મોડર્ન ઈન્સ્ટ્રુમેન્શનથી આ વાન મારફતે જે તે સ્થળ પર થઈ શકશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હેલ્થ એન્ડ વેલનેસ ફોર ઓલનો જે ઉદાત ધ્યેય રાખ્યો છે તેને ગ્રામીણ સ્તરે વધુ ગતિ આપવામાં આ આશા વાન ઉપયુક્ત બનશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલએ આ ૧૦ કેન્સર સ્ક્રિનિંગ વાન ઈન્ડિયન રેડ કોર્સ સોસાયટીની ભાવનગર બ્રાન્ચને જનસેવા માટે અર્પણ કરી તે અવસરે જેનબર્ક ફાર્માના એમડી શ્રી આશિષ ભૂતા અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ભાવનગર બ્રાન્ચના પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા.



# ગુજરાત શહેરી વિકાસ ક્ષેત્રે દેશના રોલ મોડલ રાજ્ય તરીકે ઉભરી આવ્યું: શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ



**ગાંધીનગર ખાતે શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને "સ્વનિધિ સમારોહ-૨૦૨૬" વર્કશોપ અને એવોર્ડ સમારોહ યોજાયો**





- **સમારોહમાં "પીએમ સ્વનિધિ યોજના"ના લાભાર્થીઓને લોન સહાય અને ક્રેડિટ કાર્ડના મંજૂરી પત્રો એનાયત કરાયા**
- **મંત્રીશ્રીના હસ્તે સ્વદેશી વસ્તુઓના પ્રમોશન માટે "સર્જનથી સમૃદ્ધિ સુધી – આત્મનિર્ભર સખી" લોગો લોન્ચ કરાયો**
- **ગુજરાત શહેરી આજીવિકા મિશનની નવીન વેબસાઈટનું પણ મંત્રીશ્રીના હસ્તે લોન્ચિંગ કરાયું**
- **પીએમ સ્વનિધિ યોજનાના શ્રેષ્ઠ અમલીકરણ માટે મહાનગરપાલિકા-નગરપાલિકાઓને એવોર્ડ એનાયત કરાયા**

કમલમ્,

GNLU-ગાંધીનગર ખાતે શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતા હેઠળ "સ્વનિધિ સમારોહ-૨૦૨૬" વર્કશોપ અને એવોર્ડ સમારોહ યોજાયો હતો. આ સમારોહ દરમિયાન શહેરી વિકાસ મંત્રીશ્રીના હસ્તે "પીએમ સ્વનિધિ યોજના"ના લાભાર્થીઓને લોન સહાયના ચેક અને ક્રેડિટ કાર્ડ માટેના મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સાથે જ, મંત્રીશ્રીએ સ્વ-સહાય જૂથોની બહેનો દ્વારા બનાવવામાં આવતી સ્વદેશી વસ્તુઓના પ્રમોશન માટે "સર્જનથી સમૃદ્ધિ સુધી – આત્મનિર્ભર સખી" લોગોનું તેમજ ગુજરાત શહેરી આજીવિકા મિશનની નવીન વેબસાઈટનું અનાવરણ કર્યું હતું. રાજ્યમાં પીએમ સ્વનિધિ યોજનાનું શ્રેષ્ઠ અમલીકરણકરનારમહાનગરપાલિકા-નગરપાલિકાઓને શહેરી વિકાસ મંત્રીશ્રીએ એવોર્ડ એનાયત કરીને સન્માનિત કર્યા હતા. જેમાં મેગા સિટી કેટેગરીમાં અમદાવાદ મહાનગરપાલિકાએ પ્રથમ અને સુરત મહાનગરપાલિકાએ દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. જ્યારે, મેજર સિટી કેટેગરીમાં ભાવનગર મહાનગરપાલિકાએ પ્રથમ, જામનગર મહાનગરપાલિકાએ દ્વિતીય અને જૂનાગઢ મહાનગરપાલિકાએ તૃતીય ક્રમ મેળવ્યો હતો. આ ઉપરાંત નગરપાલિકા કેટેગરીમાં હિંમતનગર નગરપાલિકાએ પ્રથમ, મહુવા નગરપાલિકાએ દ્વિતીય અને પેટલાદ નગરપાલિકાએ તૃતીય ક્રમ હાંસલ કર્યો હતો. વધુમાં, સમારોહ દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ઊંઝા, ડાકોર, હાલોલ, બોરસદ, સિદ્ધપુર, જંબુસર અને કાલોલ શહેરી સ્થાનિક સંસ્થાઓને પણ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વનિધિ સમૃદ્ધિ અભિયાનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મહાનગરપાલિકા કેટેગરીમાં અમદાવાદ મહાનગરપાલિકાને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી. જ્યારે, નગરપાલિકા કેટેગરીમાં પ્રથમ ક્રમે બારડોલી, દ્વિતીય ક્રમે પાલીતાણા અને તૃતીય ક્રમે વિસાવદર નગરપાલિકાને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી. શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની કમાન સંભાળી રાજ્યને સામાજિક અને આર્થિક રીતે પુનઃ બેઠું કર્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાત અને જ્યોતિર્ગ્રામ જેવી નવતર યોજનાઓ થકી તેમણે ગુજરાતને વિકાસના પથ પર અગ્રેસર રાખ્યું હતું. ખાસ કરીને 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' જેવી પહેલના પરિણામે આજે ગુજરાતની ૪૮ ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરે છે. આ વિકાસ યાત્રાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મક્કમતાથી આગળ ધપાવી રહ્યા છે, જેમણે વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' જાહેર કરીને શહેરોના વિકાસ માટે જંગી બજેટની ફાળવણી કરી છે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોવિડ મહામારીના કપરા સમયમાં નાના વેપારીઓ અને ફેરિયાઓની આર્થિક સુરક્ષા માટે 'પીએમ સ્વનિધિ યોજના' અમલમાં મૂકી હતી. આ યોજના હેઠળ કોઈપણ ગેરંટી વિના લોન આપીને લાખો પરિવારોને આત્મનિર્ભર બનાવવામાં આવ્યા છે, જે યોજના હવે વર્ષ ૨૦૩૦ સુધી લંબાવવામાં આવી છે. ગુજરાત આજે ડિજિટલ પેમેન્ટના ક્ષેત્રમાં પણ દેશભરમાં અગ્રેસર બન્યું છે, જે રાજ્યની આર્થિક સદ્ધરતા અને આધુનિકતાનું પ્રતીક છે. અંતમાં મંત્રીશ્રીએ 'સ્વચ્છ ગુજરાત થકી સ્વચ્છ ભારત'ના સંકલ્પને સાકાર કરવા અને સ્વદેશી ચીજ વસ્તુઓને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી. તેમણે ઉપસ્થિત મેયરો, કમિશનરો અને નગરપાલિકાના હોદ્દેદારોને શહેરોમાં ગટર, ડ્રેનેજ અને શુદ્ધ પીવાના પાણી જેવી પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરીને ગુજરાતને શહેરી વિકાસ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે રોલ મોડલ સ્ટેટ બનાવવાનું આહ્વાન કર્યું હતું. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. થેન્નારસને સ્વાગત ઉદબોદન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્ય મંત્રી હતા, ત્યારે વર્ષ ૨૦૦૫ને શહેરી વિકાસ વર્ષ જાહેર કરીને શહેરોના વિકાસની અવિરત યાત્રાની શરૂઆત કરી હતી. શહેરમાં વસવાટ કરતા નાગરિકોની સુખાકારી માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે, તેમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓના અધિકારી તથા કર્મચારીઓ દ્વારા નાગરિકોની સુખ-સુવિધા માટે ઉત્તમ કામગીરી કરવામાં આવી રહી છે. આજનો કાર્યક્રમ એ વાતની સાબિતી છે કે, શહેરોના નાના વેપારીઓ અને વેન્ડર્સ માટે અમલી પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાના અમલીકરણથી યોગ્ય લાભાર્થીઓ સુધી તેનો લાભ પહોંચી રહ્યો છે.

આ કાર્યક્રમમાં શહેરી વિકાસ વિભાગ-હાઉસિંગના સચિવ શ્રી રાજકુમાર બેનિવાલ, ગુજરાત શહેરી આજીવિકા મિશનના મિશન ડાયરેક્ટર શ્રીમતી સંગીતા રૈયાણી, મહાનગરપાલિકાના મેયરશ્રીઓ, કમિશનરશ્રીઓ, નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, ચીફ ઓફિસરશ્રીઓ તથા પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાના લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં સોલૈયા ગામે રાત્રી સભા યોજાઈ

**માત્ર સંપત્તિ નહીં, પરંતુ સંસ્કાર સૌથી મોટો વારસો-આજે સંયુક્ત પરિવાર અને પરસ્પર ભાઈચારા જેવી ભારતીય સાંસ્કૃતિક પરંપરા જ સાચી શક્તિ છે :રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી**





**પ્રાકૃતિક ખેતી, પશુપાલન, સ્વચ્છતા, વ્યસનમુક્તિ જેવા વિષયો પર ગ્રામજનો સાથે રાજ્યપાલશ્રીનો પ્રેરણાદાયી સંવાદ**


## રાજ્યપાલશ્રીએ ગામના અનુસૂચિત જાતિ પરિવારના ઘરે સાદું ભોજન લઈને પ્રાથમિક શાળામાં રાત્રી રોકાણ કર્યું

કમલમ્,

સોલૈયા ગામમાં આયોજિત રાત્રી સભામાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી, પશુપાલન, સ્વચ્છતા, વ્યસનમુક્તિ, બાળકોમાં સંસ્કારોનું સિંચન જેવા વિષયો પર વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. રાજયપાલશ્રીએ ગ્રામજનોને પોતાના સંતાનોના સર્વાંગી વિકાસ માટે સારા સંસ્કાર, આદર્શ વિચારો, ઉત્તામ શિક્ષણ અને વ્યસનમુક્ત જીવન પર ખાસ ધ્યાન આપવા અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, માત્ર સંપત્તિ નહીં, પરંતુ સંસ્કાર સૌથી મોટો વારસો છે. સંયુકત પરિવાર અને પરસ્પર ભાઈચારા જેવી ભારતીય સાંસ્કૃતિક પરંપરા જ સાચી શક્તિ છે. માણસા તાલુકાના સોલૈયા ગામની મુલાકાતના પ્રથમ દિવસે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સોલૈયા પ્રાથમિક શાળામાં રાત્રિ રોકાણ કર્યું હતું. રાજ્યપાલશ્રી ગામમાં રહેતા અનુસૂચિત જાતિ પરિવારના શ્રીમતી હીરાબેન રમણભાઈ પરમારના ઘરે સાદું અને સાત્વિક ભોજન કર્યા બાદ અંબાજી મંદિરના પ્રાંગણમાં રાત્રી સભા-ખાટલા પરિષદમાં સહભાગી થયા હતા. જ્યાં તેમણે ખેડૂતો, પશુપાલકો અને ગ્રામજનો સાથે મુલાકાત કરી સ્વચ્છતા,પશુપાલન અને પ્રાકૃતિક ખેતી જેવા વિષયો પર સીધો સંવાદ કર્યો હતો. રાત્રી સભામાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, જમીનમાં અતિરેક યૂરિયા, કિટનાશકો અને રસાયણોના વધુ પડતાં ઉપયોગને કારણે અનાજ, ફળ, શાકભાજી સહિતની કૃષિ પેદાશો તેમજ પીવાનું પાણી સતત પ્રદૂષિત થઈ રહ્યું છે, જેની માનવ આરોગ્ય પર ગંભીર અસર પડી રહી છે. આ સમસ્યાના સમાધાન માટે ખેડૂતભાઈઓ અને બહેનોએ કૃષિમાં રસાયણ રહિત પ્રાકૃતિક પદ્ધતિ અપનાવવાની ખાસ જરૂરિયાત છે. પશુપાલન અંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ઉન્નત જાતિના પશુ, પૂરતું પોષણ અને સરકાર દ્વારા ઉપલબ્ધ "સેક્સ સોર્ટેડ સીમન" નો ઉપયોગ કરીને દૂધનું ઉત્પાદન નોંધપાત્ર રીતે વધારી શકાય છે, જે ખેડૂતની આવક વધારવાનું શક્તિશાળી સાધન છે. તેમણે ગાયના દૂધ, ગોબર અને ગોમૂત્રને પ્રાકૃતિક ખેતી માટે અમૃત સમાન ગણાવતા આવક સાથે જમીનની ઉપજાઉ શક્તિ જાળવવા માટે ગ્રામજનોને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત રાજ્યપાલશ્રીએ ગામમાં આરોગ્ય કેમ્પ, આધારકાર્ડ, લાઈસન્સ અને જમીન સંબંધિત કામ માટે સરકાર દ્વારા ઉપલબ્ધ સુવિધાનો વધુમાં વધુ ઉપયોગ કરવા વિનંતી કરી હતી. રાજ્યપાલશ્રીએ સોલૈયા ગામના પ્રગતિશીલ ગામ તરીકેના પ્રયાસોની પ્રશંસા કરતાં, વિદેશમાં વસતા ગ્રામજનોને પણ માતૃભૂમિ અને પોતાની સાંસ્કૃતિક મૂલ્યો સાથે જોડાયેલા રહેવાની અપીલ કરી હતી. તેમણે ગ્રામજનોના ઉષ્માભર્યા સ્નેહ અને આતિથ્ય બદલ આભાર વ્યક્ત કર્યો હતો. રાત્રી સભામાં રાજ્યપાલશ્રી સહિત ગ્રામજનોનું સ્વાગત કરતાં જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેએ જણાવ્યું હતું કે, વર્ષો પહેલા આપણે કોઈપણ જાતના રાસાયણિક ખાતર વાપરતા નહોતા, છતાં ખેતરોમાં સારો પાક થતો હતો અને સારી તંદુરસ્તી જળવાઈ રહેતી હતી. પરંતુ આજે રાસાયણિક ખાતરોનો વપરાશ ખૂબ વધતાં અનેક આરોગ્યલક્ષી સમસ્યાઓ વધી છે, જેને જડમૂળથી દૂર કરવા રાજ્યપાલશ્રી પ્રાકૃતિક કૃષિ અપનાવવા ખેડૂતોને સતત પ્રોત્સાહિત કરી રહ્યા છે. આ ઉપરાંત રાજ્યપાલશ્રી વિવિધ ગામોની મુલાકાત લઈને ગ્રામજનોને સ્વચ્છતા, વૃક્ષારોપણ, વ્યસનમુક્તિ જેવા વિષયો પર સુંદર માર્ગદર્શન આપી રહ્યા છે. કાર્યક્રમના અંતે આભારવિધિ જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે.પટેલે કરી હતી. આ પ્રસંગે માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ, સરપંચ શ્રીમતી મનિષાબેન યશવંતભાઈ ચૌધરી, અગ્રણી શ્રી રમણભાઈ ચૌધરી સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સુવાલી બીચ ફેસ્ટિવલમાં જવા માટે ૧૯ રૂટ પર સિટી બસ તેમજ એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવી છે: ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈ

**ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ**



**તા.૯ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સુંવાલી દરિયાકિનારે ત્રિ-દિવસીય 'સુવાલી બીચ ફેસ્ટિવલ-૨૦૨૬' યોજાશે**

કમલમ્, સુરત

રાજ્યના દરિયાકિનારાના પ્રવાસન સ્થળો, વિવિધ બીચોના વિકાસ માટે રાજ્ય સરકાર સક્રિયપણે પ્રયાસ કરી રહી છે, જેના ભાગરૂપે ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આગામી તા.૯ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સુરત નજીક આવેલા સુવાલીના દરિયાકિનારે ત્રિ-દિવસીય સુંવાલી બીચ ફેસ્ટિવલ-૨૦૨૬ યોજાશે. બીચ ફેસ્ટિવલને તા.૯મીએ સાંજે ૫.૦૦ વાગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે ખુલ્લો મૂકવામાં આવશે એમ ચોર્યાસીના ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ સર્કીટ હાઉસ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જણાવ્યું હતું. ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ સુંવાલી બીચનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરી દરિયાકાંઠાના પ્રવાસનને પ્રોત્સાહન મળે, સ્થાનિક સ્તરે રોજગારીનું સર્જન થાય તથા પ્રવાસી-સહેલાણીઓ મોટી સંખ્યામાં દરિયાકિનારાની મોજ માણે, વેચાણ સ્ટોલધારકોને તથા સ્થાનિકોને રોજી રોટી મળી રહે તે માટે રાજ્ય સરકાર તથા જિલ્લા-તાલુકા વહીવટીતંત્રએ બીચ ફેસ્ટિવલનું આયોજન કર્યું છે. જેમાં નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, પ્રવાસન રાજ્યમંત્રી ડો.જયરામભાઈ ગામીત, સાંસદ મુકેશભાઈ દલાલ, મેયર દક્ષેશભાઈ માવાણી, ધારાસભ્યો સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સુંવાલીના વિકાસ માટે કરવામાં આવેલા વિકાસકામોની વિગતો આપતા કહ્યું કે, ૨૦૧૩ના વર્ષમાં રૂા.છ કરોડના ખર્ચે સુવાલી તરફ જવા માટેના રસ્તાને ૧૦ મીટર પહોળો કરવામાં આવ્યો છે. માર્ગ અને મકાન વિભાગદ્વારા રૂા.૨.૨૦ કરોડના ખર્ચે વિશ્રામગૃહના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. રૂા.૪૦ લાખના ખર્ચે ૧૦૦ ફુટની ઉચાઈ ધરાવતો હાઈમાસ્ટ માસ ટાવર બન્યો છે જે ૪૦૦ વોટની ૧૬ હેલોજનની ક્ષમતા ધરાવે છે. સુંવાલી બીચ માર્ગ થી મોરા ગામના મુખ્ય માર્ગ સુધી એ.એમ.એન.એસ. ઈન્ડિયાના સી.એસ.આર.ફંડ અંતર્ગત ૩૫૦ સોલાર લાઈટો તેમજ સુરક્ષા માટે રૂા.૩૦ લાખના ખર્ચે સુંવાલી બીચ પોલીસ વોચ ટાવર અને સુવાલી બીચ પોલીસ ચોકી ઉભી કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. ધારાસભ્યશ્રીએ કહ્યું કે, વનવિભાગ દ્વારા રૂા.ચાર લાખના ખર્ચે વન કુટિર તથા ગ્રામ પંચાયત દ્વારા દરિયાકાંઠે ચઢવા- ઉતરવા માટે રૂા. ૧૫ લાખના ખર્ચે ત્રણ રેમ્પ બનાવવામાં આવ્યા છે. જયારે જિલ્લા પંચાયતના સહયોગથી રૂા. ૨૭ લાખના ખર્ચે શૌચાલય સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. નિર્દિષ્ટ વિસ્તાર હજીરાના અનુદાનમાંથી રૂા.એક કરોડના ખર્ચે દરિયાઈ ખારા પાણીને પીવાલાયક મીઠુ કરવાનો પ્લાન્ટ પણ મંજૂર કરવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચને ડેવલપ કરનાર આર્કીટેકટ ફર્મ દ્વારા સુવાલી બીચના ડેવલપમેન્ટ માટેનો સર્વે પણ કરવામાં આવ્યો છે, જે મુજબ આગામી સમયમાં તબક્કાવાર સુવાલી બીચને આધુનિક ઢબે વિકાસ કરવામાં આવશે. તેમણે કહ્યું કે, તા.૯ થી ૧૧ જાન્યુઆરી સુધી સાંજે ૪.૦૦ થી ૧૦.૦૦ વાગ્યા સુધી ઈચ્છાપોર હાઈવેથી મોરા હાઈવે ચોકડી થઈ L&Tથી સુવાલી સુધીનો રૂટ પર વન-વે રહેશે અને ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે. સુવાલી જવા-આવવા સહેલાણીઓ માટે ત્રણેય દિવસે ૧૯ રૂટ પર સિટી બસ અને એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવી છે. કાર્યક્રમ સ્થળે અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૮૦૦ જેટલા ટ્રાફિક અને પોલીસ જવાનો ખડેપગે રહેશે. ફાયર બ્રિગેડ, તરવૈયા, એમ્બ્યુલન્સઅને આરોગ્યનીટીમોને સ્ટેન્ડબાય રહેશે. નોંધનીય છે કે, ઊંટ અને ઘોડેસવારી, ફુડ કોર્ટ, ક્રાફટ સ્ટોલ જેવાકુલ ૧૩૦સ્ટોલ્સ, ફોટોકોર્નર, પતંગબાજી, જીપ સવારી, ટગ ઓફ વોર, દેશી અને પરંપરાગત રમતો જેવા વિશેષ આકર્ષણો સાથે પ્રવાસીઓ દરિયાઈ ખુશનુમા માહોલમાં હરવા-ફરવાની સાથે ખાણીપીણીનીનો આનંદ માણી શકશે. પ્રેસ કોન્ફરન્સમાં સંયુક્ત માહિતી નિયામકશ્રી એ.બી. મછાર, પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા સહિત પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતીય ડાક વિભાગ દ્વારા શાળાઓમાં બાળકોના ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ માટે ખાસ ઝુંબેશ – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**પોસ્ટ ઓફિસમાં નવા આધાર નોંધણી તથા બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ સંપૂર્ણપણે નિઃશુલ્ક – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ**



કમલમ્,

નાગરિકોને તેમના નજીકના વિસ્તારમાં આધાર સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી સમગ્ર દેશમાં પોસ્ટ ઓફિસમાં આધાર સેવા કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. આ પોસ્ટ ઓફિસ આધાર કેન્દ્રો દ્વારા નાગરિકોને નવા આધાર નોંધણી તેમજ કોઈપણ પ્રકારના સુધારા અથવા વિસંગતતાની સ્થિતિમાં આધાર અપડેટ કરાવવામાં વિશેષ સુવિધા મળી રહી છે. આ ક્રમમાં, આધાર સેવાઓની સતત વધતી માંગ અને નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને, ગાંધીનગરમાં સેક્ટર-૧૭ પોસ્ટ ઓફિસમાં આધાર સેવા કેન્દ્રનું શુભારંભ ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યું. સવારે ૦૮:૦૦ વાગ્યાથી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી કાર્યરત આ બે નવા આધાર કાઉન્ટર સાથે હવે ગાંધીનગરમાં કુલ ૩૮ પોસ્ટ ઓફિસ આધાર સેવા કેન્દ્રો કાર્યરત થયા છે. ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસમાં પણ લોકોને સમયબદ્ધ અને સરળ સેવા ઉપલબ્ધ કરાવવાના હેતુથી સવારે ૦૮:૦૦ વાગ્યાથી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી બે આધાર કાઉન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં કુલ ૨૫૭ પોસ્ટ ઓફિસ આધાર સેવા કેન્દ્રો દ્વારા આધાર સેવાઓ ઉપલબ્ધ છે. પોસ્ટ ઓફિસમાં આધાર નોંધણી તેમજ બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (૫–૭ વર્ષ અને ૧૫–૧૭ વર્ષના વય જૂથ માટે) સંપૂર્ણપણે નિઃશુલ્ક આપવામાં આવે છે. જ્યારે નામ, સરનામું, જન્મ તારીખ અથવા મોબાઈલ નંબર જેવા ડેમોગ્રાફિક સુધારાઓ માટે ૭૫ ફી નિર્ધારિત કરવામાં આવી છે. ફિંગરપ્રિન્ટ અને ફોટો અપડેટ જેવા બાયોમેટ્રિક સુધારાઓ માટે ૧૨૫ ફી ચૂકવવાની રહેશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે હાલમાં આધાર તમામ નાગરિકો માટે અનિવાર્ય બની ગયુ છે. આવા સમયમાં નવા આધાર સેવા કેન્દ્રોની શરૂઆત કરવાની આ પહેલ નાગરિક-કેન્દ્રિત સેવાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ જ ક્રમમાં ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા તમામ શાળાઓમાં બાળકોના ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ માટે પણ વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. વિવિધ શાળાઓ પોતાની જરૂરિયાત મુજબ વિશેષ કેમ્પ યોજવા માટે પોસ્ટ વિભાગને વિનંતી પણ કરી શકે છે. દૂરના વિસ્તારોમાં સામાન્ય લોકો સુધી પહોંચ સુનિશ્ચિત કરવા માટે પોસ્ટ ઓફિસમાં લેપટોપ આધાર કિટોના માધ્યમથી કેમ્પ દ્વારા આધાર નોંધણી તથા અપડેટ કરવાની સુવિધા આપવામાં આવી રહી છે, જેથી છેવાડા સુધી સેવાઓની અસરકારક પહોંચ સુનિશ્ચિત થઈ રહી છે. આ પહેલ ડિજિટલ ઈન્ડિયા, જનસેવા અને છેવાડા સુધી સેવાઓ પહોંચાડવાની દિશામાં પોસ્ટ વિભાગની પ્રતિબદ્ધતાને સ્પષ્ટ રીતે દર્શાવે છે. ગાંધીનગર મંડળના પ્રવર અધિક્ષક શ્રી શિશિર કુમારે જણાવ્યું કે યુઆઈડીએઆઈ દ્વારા જારી કરવામાં આવેલ માર્ગદર્શિકાઓ અનુસાર દરેક વ્યક્તિએ આધાર નોંધણી/અપડેટ કેન્દ્ર પર ઓછામાં ઓછા ત્રણ વખત હાજર રહેવું જરૂરી છે. પ્રથમ વખત ૦૫ વર્ષની ઉંમર સુધી નવું આધાર નંબર મેળવવા માટે, બીજી વખત ૦૫ વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ બાળકના પોતાના બાયોમેટ્રિક વિગતો ફરજિયાત રીતે અપડેટ કરાવવા માટે અને ત્રીજી વખત ૧૫ વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ વ્યક્તિના પુનઃ બાયોમેટ્રિક અપડેટ માટે કેન્દ્ર પર હાજર રહેવું જરૂરી બને છે. બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (૫–૭ વર્ષ તથા ૧૫–૧૭ વર્ષની ઉંમર જૂથમાં) સંપૂર્ણપણે નિઃશુલ્ક છે. આ પ્રસંગે ગાંધીનગરના પ્રવર અધિક્ષક શ્રી શિશિર કુમાર, સહાયક નિદેશક શ્રી વી એમ વહોરા, ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ શ્રી દીપક વાઢેર, સહાયક અધિક્ષક શ્રી હેમંત કંતાર, શ્રી દક્ષેશ ચૌહાણ, શ્રી ભાવિન પ્રજાપતિ તથા નિરીક્ષક શ્રી ચિરાગ સુથાર, પોસ્ટમાસ્ટર શ્રી ખેમચંદભાઈ વાઘેલા, સુશ્રી રઈસા મન્સૂરી, શ્રી સંજય પટેલ સહિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.




કમલમ્,

**"સોમનાથ સ્વાભિમાન પર્વ" નો ભવ્ય પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર રાજ્યભરમાં શિવજીની પૂજા-અર્ચના કરવામાં આવી હતી.અને આ પર્વના ઉપલક્ષ્યમાં સોમનાથ જ્યોતિર્લિંગ સહિત દેશભરના શિવાલયોમાં ૭૨ કલાક સુધી અખંડ ઓમકાર જાપ ગુંજી રહ્યા છે. આ દિવ્ય ચેતનાનો હિસ્સો બની સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ગળતેશ્વર મહાદેવ મંદિરે અખંડ જાપનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સુરત જીલ્લાના મહામંત્રી શ્રી જીગરભાઈ નાયક, કિશનભાઇ પટેલ, રાજેશભાઈ પટેલ, ઉપપ્રમુખ વિકાસ પટેલ, કામરેજ તાલુકા પ્રમુખ સુચેતનભાઈ પટેલ, મહામંત્રી જૂબીન પટેલ, નિમેશ્ચ દેસાઈ, તથા જિલ્લાના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.**

•Printer/Publisher/Owner &Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L801/1, Gidc,Sector -28, Gandhinagar •Published -At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028